ગરિમાનું મૂલ્ય

આર્થર એશેની કહાણી

એન ડોનેગન જોહન્સન
ચિત્ર: પિલ્લેજી

ગરિમાનું મૂલ્ય

આર્થર એશેની કહાણી

એન ડોનેગન જોહન્સન

ચિત્ર: પિલ્લેજી

આ કહાણી ચેમ્પિયનશિપ ટેનિસ ખેલાડી, લેખક અને નાગરિક અધિકારોના સક્રિય કાર્યકાર આર્થર રોબર્ટ એશે ની છે. આ પુસ્તક એના જીવનની ઘટનાઓ પર આધારિત છે. આર્થર એશેના જીવનની અન્ય ઐતિહાસિક જાણકારી પુસ્તકના છેલ્લા પાના પર આપવામાં આવી છે.

એક સમય ની વાત છે ...

બહુ જૂની પણ નહીં, 10 જુલાઈ 1943 ના દિવસે આર્થર રોબર્ટ એશે નો જન્મ રીચમન્ડ, વર્જિનિયામાં થયો. એ આર્થર એશે, સિનિયર, તથા મેરી કોર્ડેલ કનિંઘહેમ એશે નો પહેલો દીકરો હતો. આર્થર એક મોટા અને સ્નેહાળ પરિવારનો હિસ્સો હતા, જેના પૂર્વજોને આફ્રિકાથી ગુલામ બનાવીને સંયુક્ત રાજ્ય અમેરિકા લાવવામાં આવ્યા હતા.

એ સમયે વર્જિનિયા એક સેગ્રીગેટેડ રાજ્ય હતું, જેનો અર્થ હતો કે ન ત્યાં ગોરા અને કાળા લોકો એક મહોલ્લામાં સાથે રહેતા હતા, ન એના બાળકો એક સ્કૂલમાં ભણતા હતા, અને ન એકસરખું કામ કરતા હતા. આફ્રિકી-અમેરિકન માટે એ મુશ્કેલ સમય હતો, પણ આર્થરનો પરિવાર આ પૂર્વગ્રહોને વ્યક્તિગત રૂપે માનતા ન હતા. એની સામે આવવાવાળી અન્યાયપૂર્ણ બાધાઓ છતાં પરિવાર એનો આત્મસન્માન અને ગૌરવ બનાવી રાખતા હતા. પિતાએ ગૌરવનો આ પાઠ આર્થરને પણ શીખવાડયો, જે આર્થર સાથે આજીવન રહ્યો.



નાનો આર્થર એની દાદી અને નાનીને બહુ પ્રેમ કરતો હતો. એની દાદી અમેલિયા એશે જોહન્સનને આખો પરિવાર 'માઁ' કહીને સંબોધિત કરતા હતા. જોકે 'માઁ' એ જીવનમાં ઘણી કઠણાઈઓનો સામનો કર્યો, પણ એણે એની ગરિમા ક્યારેય છોડી નહીં. એ એના જીવનને, એના છોકરાઓને અને પૌત્રોને બહુ પ્રેમ કરતી હતી. બાળપણમાં આર્થર ઉનાળા એના મોટા ખેતરના ઘરમાં વિતાવતો હતો. એને યાદ છે કે ત્યાં જ પહેલી વાર એક ખચ્ચરને જોઇને એ બહુ ડરી ગયો હતો.

આર્થરની નાની 'મોટી મામા' કનિંઘહામ કહેવાતી હતી. જયારે નાનાનું મૃત્યુ થઇ ગયું, તો મોટી મામાએ એના દસ બાળકોને એકલા જ મોટા કર્યા. એની ગરિમા અને ઈશ્વરમાં એની આસ્થાએ એને આ મુશ્કેલ દિવસોનો સામનો કરવામાં એની મદદ કરી.

આર્થર નાનપણમાં એની મોટી મામા, પરિવારના અન્ય સદસ્યો અને મિત્રો સાથે ચર્ચમાં જતો હતો. પછી, એક ટેનિસ રમતવીર તરીકે આર્થરે ઘણી યાત્રાઓ કરી અને બીજા ધર્મો અને સંસ્કૃતિઓ વિષે જાણવાની કોશિશ કરી. અંતે એણે નિષ્કર્ષ કાઢ્યો કે બધા ધર્મ એક જ સુવર્ણ નિયમ શીખવાડે છે - બીજા સાથે એવો જ વર્તાવ કરો જેવું તમે ચાહો છો કે એ તમારી સાથે કરે. મનુષ્ય તરીકે એની ગરિમાનું સન્માન કરો.

બાળપણમાં આર્થર એક બીમાર બાળક હતો. એ એની માઁ જેવો શરમાળ પણ હતો. જયારે એનો નાનો ભાઇ બીજા છોકરાઓ સાથે દોડતો અને ચીસો પાડતો હતો, આર્થર ઘણી વાર ચુપચાપ બેસીને પુસ્તકો જોયા કરતો હતો.

આર્થરના સાતમા જન્મદિવસના થોડા સમય પછી એની માઁ નું મૃત્યુ થઇ ગયું. એ ફક્ત 27 વર્ષના હતા. એના આ અકાળ મૃત્યુના કારણોમાં એક હતું હૃદય રોગની બીમારી.

આર્થરે ત્યારે એના ડૂસકાં ભરતા પિતાને કહ્યું હતું, "ચિંતા ન કરો, ડેડી, જ્યાં સુધી આપણે એક-બીજાની સાથે છીએ, ત્યાં સુધી બધું ઠીક થઇ જશે."

આર્થર એની માઁ ને બહુ પ્રેમ કરતો હતો, પણ એ એના મૃત્યુ પર બહુ રડયો નહીં. એણે એના દુઃખને એના પૂરતું જ સીમિત રાખ્યું. આર્થરના જીવનભર લોકો માનતા રહ્યા કે એના આ વૈરાગ્યનો અર્થ હતો ભાવનાઓની ખોટ.

પણ આર્થર ભાવુક હતો, જોકે સ્વભાવથી સંયમિત અને ગરિમામય હતો, એ નાનો હતો ત્યારે પણ.

જયારે આર્થર ટેનિસ ખેલાડી બન્યા, તો એના થોડા પ્રતિસ્પર્ધી ટેનિસ કોર્ટમાં એની શાંત સ્થિરતાથી ડરતા હતા. થોડા તો એવું માનતા હતા કે એ ખેલને ગંભીરતાથી લેતા નથી. પણ આર્થર એના પ્રતિસ્પર્ધીને ડરાવવાના હેતુથી શાંત હોવાનું નાટક કરતા ન હતા. ટેનિસની રમત એને માટે બહુ મહત્વપૂર્ણ હતી. પણ જેમ એ એના ટેનિસ રેકેટ સિવાય ભાગ્યે જ દેખાતા, એ જ રીતે એની ગરિમા પણ હંમેશા સાથે રાખતા હતા.

આર્થરના પિતાએ એના દીકરાઓની દેખભાળ રાખવા માટે એક માયાળુ વૃદ્ધાને ઘરની સંભાળ રાખવા માટે રાખ્યા. પણ એણે હંમેશા માઁ અને પિતાની ભૂમિકા નિભાવી. આર્થર સિનિયરે એના દીકરાઓને સાચા અને ખોટાનું અંતર કરતા શીખવાડયું અને એના આધારે કામ કરવાનું પણ. એ માનતા હતા કે માણસની શાખ જ એની સૌથી કિંમતી સંપત્તિ હોય છે. નાનો આર્થર સમજતો હતો કે આ કથનથી એના પિતાનો અર્થ એવો ન હતો કે બીજા આપણા વિષે શું વિચારે છે. એનો અર્થ હતો કે આપણે પોતે આપણા વિષે શું વિચારીયે છીએ.

આર્થર સિનિયરે એના દીકરાઓને બીજાની મદદ કરવાનું મહત્વ પણ સમજાવ્યું-શીખવાડયું. જયારે એ મોટા થઇ રહ્યા હતા ત્યારે એ દરેક નાતાલના દિવસે પિતા સાથે જઇને ગરીબ પરિવારોને ખાવાનું અને રમકડાં પહોંચાડતા હતા. એ રમકડામાં એ પણ સામેલ હતા જે એ જ સવારે બંને ભાઇઓને ભેટમાં મળ્યા હતા.



આર્થરના પિતા વિશેષ પોલીસકર્મી હતા. એ વધારાના પૈસા કમાવા માટે રીચમન્ડના અમીર લોકો માટે ભોજન-વ્યવસ્થા, બાગકામ, એના ઘાસ કાપવાનું અને વેઈટરનું કામ પણ કરતા હતા.

આર્થર એશે સિનિયર, મુશ્કેલીથી વાંચી શકતા હતા, પણ સખત મહેનત કરવાનું જાણતા હતા. એ જે કંઈ પણ કરતા, એ સારામાં સારી રીતે કરતા, અને એના દીકરાઓને પણ એ જ શીખવ્યું હતું.

આર્થર સિનિયરના બીજા કામોમાં હતું બ્રુકફિલ્ડના રમતના મેદાનની જાળવણીની દેખભાળ કરવાનું. આ મોટો પાર્ક એશે પરિવારના ઘરની પાસે જ હતો. બ્રુકફિલ્ડ વર્જિનિયાના ટેનિસ કોર્ટોમાંથી એક હતો જે કાળા લોકો માટે પણ ખુલ્લો હતો.

નાના આર્થર જુનિયરને ખેલાડીઓને ટેનિસ રમતા જોવાનું ગમતું હતું. એ ટેનિસ કોર્ટ પાસે બેસીને એક પછી એક રમત જોયા કરતો હતો. એ ખેલાડીઓને બોલ 'સર્વ' કરવાનો અભ્યાસ કરતા પણ જોયા કરતો હતો.

એક દિવસ રોન ચેરિટીએ, જે રીચમન્ડનો સૌથી સારો કાળો ટેનિસ ખેલાડી હતો, જોયું કે આર્થર એને જોયા કરે છે. એણે એનો અભ્યાસ રોક્યો અને આશ્ચર્યચકિત આંખોવાળા એ નાના છોકરાને પૂછ્યું, "શું તું આ રમત શીખવા ચાહીશ?" "જી, અવશ્ય," આર્થરે જવાબ આપ્યો. એ પળથી આર્થરનું જીવન હંમેશ માટે બદલાઈ ગયું.

આગલા બે વર્ષો માટે રોન ચેરિટીએ આર્થરને ટેનિસ રમતા શીખવ્યું. જોકે રૅકેટ આર્થર જેટલું જ લાંબુ હતું, એ એકધારો અભ્યાસ કરતો, સિવાય જયારે એ સ્કૂલ કે ચર્ચમાં હોય.

આર્થર ઘણી વાર એનાથી મોટા બાળકો સાથે રમતો હતો. પણ હારવાથી એને કોઇ ફરક પડતો ન હતો. એ હારવાથી ન મોઢું ફુલાવતો, ન નારાજ થઇ જતો. આર્થર એનાથી જેટલું સારી રીતે રમાય એટલું રમતો હતો - જ્યાં સુધી એ એની રમતને એટલી સારી કરી ન લેય કે એ એના હરીફને હરાવી શકે.



જયારે આર્થર બાર વરસનો થઈ ગયો તો રોન ચેરિટીએ નિશ્ચય કર્યો કે એનો છાત્ર શહેરના ખેલાડીઓ વચ્ચે થનારી ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે તૈયાર છે. પણ રીચમન્ડના અધિકારીઓએ આર્થરને ભાગ લેવા ન દીધો, કારણકે એ કાળો હતો.

રોન ચેરિટી એક એવી વ્યક્તિને જાણતા હતા, જે આર્થરને વ્યાવસાયિક ટેનિસ પ્લેયર બનવામાં મદદ કરી શકતા હતા. ડો. આર. ડબ્લ્યુ. જોહન્સન એક કાળા ચિકિત્સક હતા, જે લીન્ચબર્ગ, વર્જિનિયામાં રહેતા હતા. એણે ઘણા પ્રતિભાશાળી ટેનિસ રમતવીરોની મદદ કરી હતી, જેમાં મહિલાઓની વ્યાવસાયિક ટેનિસની વિજેતા અને સૌ પ્રથમ આફ્રિકી-અમેરિકી મહિલા એલથીયા ગિબ્સન પણ સામેલ હતા.

ડો. જોન્સન કાળા ખેલાડીઓને એનું કૌશલ વધારવા એવા જ મોકા આપવા ચાહતા હતા જે ગોરા ખેલાડીઓને આસાનીથી મળતા હતા. એટલે દર ઉનાળામાં એ એનું ઘર એવા ચુનંદા ખેલાડીઓ માટે ખોલી દેતા હતા. એને જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવતા, અને પાસેના એક ટેનિસ કોર્ટમાં ટેનિસ શીખવતા.

ડો. જોહન્સન એક બહુ સારા કોચ હતા, અને અનુભવી પણ. એ એના છાત્રોને ફક્ત ટેનિસની રમત જ શીખવતા ન હતા, પણ કાળા લોકો પ્રત્યેના પૂર્વગ્રહો છતાં એને જીતવાનું પણ શીખવતા હતા. ડો. જોહન્સન ટેનિસના ઘણા લાઇન્સમેન (અમ્પાયર) ને જાણતા હતા જે બોલ સીમા રેખાની બહાર હોય તો પણ કાળા ખેલાડીઓને કહેતા હતા કે બોલ અંદર હતો. એટલે ડો. જોહન્સન એના છાત્રોને કહેતા કે જો એના પ્રતિદ્વંદ્વીનો બોલ સીમા રેખાની એક-બે ઇંચ બહાર પણ હોય તો એને જરૂર રમે. એટલે જો લાઇન્સમેન ખોટું પણ બોલે તો પણ એ પોઇન્ટ ગુમાવશે નહીં.



ડો. જોહન્સન એના છાત્રોને સારી વર્તણુક પણ શીખવતા હતા, અને લાઇન્સમેન કે પ્રતિદ્વંદ્વી સાથે ક્યારેય દલીલ ન કરવાનું કહેતા હતા. એના છાત્રો ભૂલોને પણ સ્મિત સાથે સ્વીકારવાનું શીખતા હતા. એ એના છાત્રો પાસે આશા રાખતા હતા કે એ ટેનિસ કોર્ટમાં અને બહાર પણ શાંત અને ગૌરવપૂર્ણ વર્તન કરે.

આર્થરે આ બધું બહુ સારી રીતે શીખ્યું. જ્યારે એ ચૌદ વર્ષનો હતો ત્યારે ડો. જોહન્સને એનું નામ જુનિયર રાષ્ટ્રીય પ્રતિયોગિતામાં લખાવ્યું. એ પંદર વર્ષથી ઓછી આયુના વર્ગમાં સેમિફાઇનલ સુધી પહોંચ્યો. જોકે આર્થર જીત્યો નહીં, પણ એ બહુ કુશળતા અને સુઘડતાથી રમ્યો.

બે વર્ષો પછી, આર્થરે ઇન્ડોર જુનિયર સિંગલ્સ ટાઇટલ જીત્યું, એ હકીકત છતાં કે સ્થાનીય અધિકારીઓએ એને ગોરા ખેલાડીઓ સાથે સ્પર્ધા કરવાથી રોકવાની કોશિશ કરી હતી. આર્થર હવે એના પથ પર આગળ વધી ગયો હતો.

આગલા વર્ષે, 1961 માં, આર્થર ફરી ઇન્ડોર જુનિયર સિંગલ્સ ટાઇટલ જીતી શક્યો. સેન્ટ લુઇ, મિસૂરીના ટેનિસ અધિકારી રિચાર્ડ હુડલીને આર્થરને રમતા જોયો અને એનાથી પ્રભાવિત થયા. કિસ્ટર હુડલીને આર્થરને હાઇ સ્કૂલના આખરી વર્ષ માટે સેન્ટ લુઇ આવવાનું આમંત્રણ આપ્યું જેથી એ એને પ્રશિક્ષિત કરી શકે.

એનો અર્થ હતો કે બધા પરિચિત લોકોને છોડીને એક અજાણી જગ્યાએ જવાનું હતું. પણ કિશોર વયના આર્થરે સરળતાથી એને સ્વીકાર્યું. એણે નિશ્ચય કરી લીધો હતો કે બધી અડચણો છતાં ટેનિસને જ એ એની કારકિર્દી બનાવશે. જેમ આર્થરના પિતાએ એને શીખવ્યું હતું, એ કઠોર મહેનત કરવા તૈયાર હતો.



આર્થર એક વરસ સુધી હુડલીન પરિવાર સાથે રહ્યો. રીચમન્ડની જેમ સેન્ટ લુઇમાં પણ આર્થર કાળા બાળકોની હાઇ સ્કૂલમાં ભણ્યો, પણ એ ઘણા ગોરા ટેનિસ ખેલાડીઓ સાથે ટેનિસ રમતો રહ્યો. એમાંથી થોડા એના મિત્ર પણ બની ગયા.

એ છતાં આર્થરને ટેનિસ ક્લબોમાંથી બહાર રાખવામાં આવ્યો. એક વાર તો એને પૃથક ટેનિસ કોર્ટમાંથી ભગાવવામાં આવ્યો.

આર્થર આવા આચરણ છતાં કડવાહટ અને નિરાશાથી ઘેરાયો નહીં. બીજાનો વર્તાવ એની આંતરિક શક્તિને નષ્ટ કરી ન શકી. એ કાળા પ્રત્યેના પૂર્વગ્રહોથી હતાશ ન થયો, અને એને એના સપનાને મેળવવામાં બાધારૂપ ન થવા દીધા. આર્થરે હિમ્મત હારી નહીં અને સતત મહેનત કરતો રહ્યો.

1963 સુધીમાં આર્થર અમેરીકાના જુનિયર સ્તરનો પાંચમો ખેલાડી બની ચુક્યો હતો. એણે સરેરાશ 'A' અંકો સાથે એના સ્કૂલનું ભણતર પૂરું કર્યું અને લોસ એન્જેલસની કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલયની ટેનિસ છાત્રવૃત્તિ સ્વીકારી.

વિશ્વવિદ્યાલયના નિયમિત પ્રશિક્ષણ સિવાય આર્થરને પેંચો ગોન્ઝાલેઝે પ્રશિક્ષિત કર્યો, જે વિશ્વવિદ્યાલય કેમ્પસની નજીક જ રહેવાવાળા ચેમ્પિયન ટેનિસ પ્લેયર હતા. આર્થર માટે ગોન્ઝાલેઝ એક પ્રેરણામૂર્તિ હતા. એ ન કેવળ એક ઉમદા ટેનિસ ખેલાડી હતા, પણ એણે એની શાનદાર રમતથી પૂર્વગ્રહોને પણ પછાડયા હતા. ગોન્ઝાલેઝ એ ગણતરીના મેક્સિકી-અમેરિકી ખેલાડીઓમાંથી એક હતા જે વ્યાવસાયિક ટેનિસ રમતા હતા.

આર્થરને હવે વિશ્વાસ થઇ ગયો હતો કે ખંત અને ગરિમાના પાયા ઉપર કોઇ બહારથી આવેલી વ્યક્તિ પણ કોઇ પણ રમતમાં સફળ થઇ શકે છે.



1963 માં આર્થર એશે માટે સમગ્ર દુનિયા ખુલી ગઈ. એ વર્ષે એ પહેલી વાર વિદેશ ગયા અને ઇંગ્લેન્ડમાં વિમ્બલ્ડન ટુર્નામેન્ટમાં ભાગ લીધો. આર્થરને બ્રિટન ગમ્યું અને એ યાત્રાએ એને બીજી સંસ્કૃતિઓ વિષે જાણવા-શીખવાનો મોકો પણ આપ્યો.

એ જ વર્ષે આર્થરે અમેરિકી હાર્ડ કોર્ટ પુરુષોની એકલ ચેમ્પિયનશિપ જીતી અને એને ડેવિસ કપમાં રમવાનું આમંત્રણ મળ્યું. એ પહેલા આફ્રિકી-અમેરિકન હતા જે અમેરિકાનની ટીમ માટે રમ્યા. પોતાના દેશ માટે રમવા માટે આર્થરને બહુ ગર્વ થયો. મેચ જીતવા પહેલા જ આર્થર એ પૂર્વગ્રહોને હરાવી ચુક્યા હતા જે એને ટેનિસની રમતને વ્યાવસાયિક રીતે અપનાવવામાં બાધારૂપ હતા.

આગલા બે વર્ષોમાં આર્થર અમેરિકાના બીજા નમ્બરના ટેનિસ ખેલાડી બની ગયા.

1966 માં કોલેજ ટેનિસ ખેલાડી તરીકે આર્થરની કારકિર્દી મોટી જીત સાથે પૂરી થઇ. એણે નેશનલ કોલેજિયેટ એથ્લેટિક એસોસીએશન ના એકલ અને ડબલ, બંને પદક જીત્યા. એ સાથે એણે વ્યાવસાયિક પ્રબંધનમાં બીએસની ડિગ્રી, બી માઈનસ સરેરાશ સાથે મેળવી.

સ્નાતક બન્યા પછી આર્થરે છ અઠવાડિયા સેનાના આરક્ષિત અધિકારી પ્રશિક્ષણ બળમાં વિતાવ્યા. એને એની ટૂકડીની સમગ્ર ઉપલબ્ધીઓમાં બીજા નમ્બરે આંકવામાં આવ્યા.

પ્રશિક્ષણ પછી બે વર્ષોની સક્રિય સેવા દરમ્યાન આર્થરે પ્રથમ લેફ્ટેનન્ટનું પદ મેળવ્યું. એના પિતાની જેમ આર્થર એકસાથે ઘણા કાર્યોને સફળ રીતે કરી શક્યા. એ સેના અને ટેનિસ, બંને કાર્યોને સફળતાથી નિભાવી શક્યા.

1968 માં આર્થરે ટેનિસની અવેતન શ્રેણીનો ખિતાબ જીત્યો. ફોરેસ્ટ હિલ, ન્યુયોર્કમાં આયોજિત આ રાષ્ટ્રીય પુરુષ એકલ ચેમ્પિયનશિપ જીતવાવાળા એ પહેલા આફ્રિકી-અમેરિકી ખેલાડી હતા. એ સાથે આર્થર એશે વિશ્વના પ્રથમ નમ્બરના ખેલાડી બની ગયા!

આટલી ઊંચાઈ મેળવ્યા પછી પણ આર્થરને આગળ પણ પૂર્વગ્રહોનો સામનો કરવો પડયો, જેનો એણે સંપૂર્ણ ગરિમાથી સામનો કર્યો.

એક વાર આર્થર સામે ઘણા અન્યાયી ફેંસલા પછી એક દર્શક વિરોધમાં અવાજ ઉઠાવવા જતો હતો.પણ બીજા એક અન્યાયી ફેંસલા પછી આર્થરે ધીરેથી માથું હલાવ્યું અને આંખ મારી.

દર્શક સમજી ગયો કે આર્થર ચાહતા ન હતા કે એ તકરાર કરે. આર્થર આ અન્યાયનો પોતાની રીતે સામનો કરવા ચાહતા હતા. એ એની ગરિમા બનાવી રાખવાનું ચાહતા હતા. એ એવું પણ બતાવવા ચાહતા ન હતા કે એ ખોટા ફેંસલાએ એને પ્રભાવિત કર્યો છે. લાઇન્સમેનના બધા ખોટા ફેંસલા છતાં, આર્થર એ મેચ જીતી ગયા!

1968 માં આર્થરે દક્ષિણ આફ્રિકામાં કાળા ખેલાડીઓ પ્રત્યે પૂર્વગ્રહનો સીધો અનુભવ કર્યો. એ વર્ષે દક્ષિણ આફ્રિકા એની પહેલી ટૂર્નામેન્ટની યજમાની કરી રહ્યું હતું. એક દક્ષિણી આફ્રિકી સાથીએ દુઃખી થઇને જણાવ્યું કે આર્થર એમાં ભાગ લઇ શકશે નહીં.

આર્થરે દક્ષિણ આફ્રિકાના જાતિવાદ વિષે સાંભળ્યું હતું, પણ એ એવું જાણતા ન હતા કે ત્યાંની સ્થિતિ કેટલી ખરાબ છે. દક્ષિણ આફ્રિકાની જાતિવાદ નીતિને 'અપરથાઇડ' કહેવામાં આવતું હતું, જેનો અર્થ હતો ગોરા અને કાળા લોકોને અલગ રાખવાનો. ત્યાંનો કાયદો કહેતો હતો કે ત્યાંના ગોરા અને કાળા લોકો અલગ-અલગ જીવન જીવે. કાળા લોકોને એના જ દેશમાં મત આપવાનો અધિકાર ન હતો.

આર્થરે નક્કી કર્યું કે એ આ નીતિ વિષે પોતે તપાસ કરીને જાણશે. એણે દક્ષિણ આફ્રિકાના વીસા માટે અરજી કરી જેથી એ પ્રસ્તાવિત ટૂર્નામેન્ટમાં ભાગ લઇ શકે. 1969 માં એની અરજી ફગાવી દેવામાં આવી, કારણકે કોઇ પણ કાળા લોકોને દક્ષિણ આફ્રિકામાં ઘૂસવાની પરવાનગી ન હતી. આર્થરે 1970 માં ફરી વીસા માટે અરજી કરી.

આર્થરે અપરથાઇડ સામે અવાજ ઉઠાવ્યો. આંશિક રૂપે આર્થરના શાંત અને ગરિમાપૂર્ણ વિરોધને લીધે દક્ષિણ આફ્રિકાને 1970 ની ડેવિસ કપ સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવ્યું.

અંતે 1973 માં આર્થરને દક્ષિણ આફ્રિકામાં ટેનિસ રમવાની પરવાનગી આપવામાં આવી. જોકે ત્યાં ગોરા અને કાળા દર્શક અલગ-અલગ જગ્યાએ બેસતા હતા, પણ આર્થરે આગ્રહ કર્યો કે એની મેચ દરમ્યાન દર્શક પોતાની ઇચ્છાથી જ્યાં બેસવું હોય ત્યાં બેસે. પછી ભલે એનો રંગ કોઇ પણ હોય.

આર્થરને દક્ષિણ આફ્રિકામાં કાળા લોકોની સ્થિતિ ભયજનક લાગી. ત્યાંની સ્થિતિ એના બાળપણના પૃથક વર્જિનિયાથી ઘણી વધારે ખરાબ હતી.

એ છતાં આર્થર આગલા વર્ષે ફરી ટેનિસ રમવા દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા. થોડા આફ્રિકી-અમેરિકનોને લાગ્યું કે આર્થર દક્ષિણ આફ્રિકા જઇને ભૂલ કરી રહ્યા છે. પણ આર્થરનું માનવું હતું કે ત્યાં સારી રમત કરીને અને ગરિમાપૂર્ણ વર્તાવ કરીને કંઇક સારું કરી રહ્યા છે.

1974 ની ટૂર્નામેન્ટ દરમ્યાન આર્થરને એ વાતથી અચરજ થયું કે એક દક્ષિણ આફ્રિકી કિશોર બધી જગ્યાએ એનો પીછો કરે છે. જયારે પણ આર્થર પાછળ ફરીને જોતા, એને એ છોકરો દેખાતો.

આખરે આર્થરે એને પૂછી જ લીધું, "તું મારો પીછો કેમ કરી રહ્યો છે?"

ચૌદ વર્ષના માર્ક માથાબાનેએ જવાબ આપ્યો, "કારણકે તમે પહેલા છો જેને મેં જોયા છે."

"પહેલા એટલે?" આર્થરે જાણવા ચાહ્યું.

"પહેલા સાચે જ આઝાદ કાળા માણસ, જેને મેં ક્યારેય જોયા છે," માર્કે ચોખવટ કરી.

એના કથનથી આર્થર ભાવુક થઇ ગયા.

આર્થર એશેને એની ગરિમા સિવાય કંઈ પણ ખોવાનો ડર લાગતો ન હતો. બધા રમતના સંવાદદાતાઓને પાક્કો ભરોસો હતો કે આર્થર 1975 માં જિમી કોર્નર્સની સામે હારી જશે. પણ આર્થર એની સૌથી સારી રમત રમ્યા. એ હંમેશાની જેમ શાંત અને આત્મ વિશ્વાસથી ભરેલા હતા.

જોકે એ હારી જાત ત્યારે પણ એની શાંત ગરિમા જાળવી રાખવાના હતા. પણ...એ જીત્યા! એશે અજેય જિમી કોનર્સને હરાવ્યા અને વિમ્બલ્ડન જીતવાવાળા પહેલા કાળા ખેલાડી બન્યા.

એ જ વર્ષે આર્થરે વિશ્વ ટેનિસની એકલ ચેમ્પિયનશિપ જીતી અને એસોસિએશન ઓફ ટેનિસ પ્રોફેશનલ્સે એને એ વર્ષના સૌથી શ્રેષ્ઠ ખેલાડી ઘોષિત કર્યા.

ટેનિસના ક્ષેત્રમાં એ ભલે ખૂબ ઊંચે પહોંચ્યા હોય, પણ આર્થર એશે જાતિવાદથી ક્યારેય બચી ન શક્યા. એ છતાં એની ગરિમામય પ્રતિક્રિયાએ ઘણા લોકોને આફ્રિકી-અમેરિકી પ્રત્યે પૂર્વગ્રહો અને અન્યાયપૂર્ણ વર્તન વિષે ફરી વિચાર કરવા પ્રેરિત કર્યા.

ટેનિસના ઉમદા ખેલાડી ઈલી નાશ્તાસે એના પ્રતિદ્વંદ્વિઓની રમત બગાડવા માટે એને ચીડવતા હતા. સ્વીડનની 1975 ની માસ્ટર્સ ટૂર્નામેન્ટમાં નાશ્તાસેના જાતિવાદી કલંક અને મહેણાં-ટોણા આર્થરને બહુ વધારે લાગ્યા. એના સ્તરે નીચે ઉતરવાને બદલે આર્થર ચુપચાપ કોર્ટની બહાર નીકળી ગયા. એને એની ગરિમા વધારે વહાલી હતી.

એ દિવસે પછી દેખરેખ સમિતિએ આર્થરને વિજયી ઘોષિત કર્યા. ટૂર્નામેન્ટ પૂરી થયા પછી નાશ્તાસેએ આર્થર પાસે માફી માંગી અને એને ગુલાબનો ગુલદસ્તો મોકલાવ્યો.



1976 માં આર્થર યુનાઇટેડ નીગ્રો કોલેજ ફન્ડના એક આયોજનમાં ગયા. જીન-મેરી માઉતુસામી ન્યુયોર્કની એનબીસી ટીવીની ફોટોગ્રાફર હતી. એણે ઘણી મશહૂર હસ્તીઓની તસવીરો ખેંચી, પણ એક સાથે એને પ્રેમ થઇ ગયો - એ વ્યક્તિ હતી આર્થર એશે.

ચાર મહિના પછી 20 ફેબ્રુઆરી 1977 માં આર્થર અને જીનના વિવાહ થયા. આર્થર કાખઘોડીના સહારે હતા, કારણકે એડીની ઇજાને લીધે એનું ઓપેરેશન થયું હતું. એ એની સુંદર સંગીની જીન સાથે લંગડાતી ચાલ ચાલવામાં પણ બહુ ખુશ હતા.

જીન સાથે એની નવી જિંદગી આરંભ કરતાની સાથે જ વ્યાવસાયિક ટેનિસ ખેલાડી તરીકે આર્થરનું પહેલાનું જીવન પૂરું થઇ રહ્યું હતું. સૌથી સફળ ખેલાડી પણ જાણે છે કે કોઇ ને કોઇ દિવસે એને જુવાન ખેલાડીની સામે ઝૂકવું પડશે. તો પણ આર્થર વ્યાવસાયિક ટેનિસ સાથે જોડાયેલા રહેવાનું ચાહતા હતા. જોકે એનો અર્થ હતો ઘણીવાર હારવાનો સ્વીકાર કરવાનું. પણ જુલાઇ 1979 માં આર્થરને હૃદયનો હુમલો આવ્યો.

હવે એની સામે વિકલ્પ એ હતા કે એ કાં તો એની પ્રવૃત્તિ ઓછી કરે, અને એવું જીવન જીવે જેમાં ટેનિસ ન હોય, અથવા બાયપાસ સર્જરી કરાવે. ડિસેમ્બરમાં આર્થરે હૃદયની ચાર બાયપાસ સર્જરી કરવાનું પસંદ કર્યું.

સર્જરી સફળ થઇ. એ માર્ચમાં આર્થર અને જીન રજાઓ માણવા ઇજિપ્ત ગયા. ત્યાં એ પિરામિડો પાસે એક હોટેલમાં રહ્યા. આર્થરે વિચાર્યું હતું કે થોડા અઠવાડીયા આરામ કર્યા પછી એ પાછા ટેનિસ રમી શકશે. એક સવારે એ દોડવા ગયા હતા, પણ થોડે દૂર જતા જ અચાનક એને છાતીમાં દુઃખવા આવ્યું.

આર્થરને સમજાઇ ગયું કે વ્યાવસાયિક ટેનિસ ખેલાડી તરીકેની એની કારકિર્દી પૂરી થઇ ગઇ હતી. એણે આ બદલાવનો પણ સૌમ્યતાથી સ્વીકાર કર્યો. એણે વ્યાવસાયિક ટેનિસ ખેલાડી તરીકે સત્તાવાર નિવૃત્તિની પ્રેસ સમક્ષ જાહેરાત કરી. ત્રણ મહિના સુધી એણે વિચાર કર્યો કે આગળ શું કરવું છે.

સદ્ભાગ્યે, આર્થરની રૂચિ ટેનિસ સિવાય બીજી વસ્તુઓમાં પણ હતી. એને ગોલ્ફ, સંગીત, અને ખાસ કરીને વાંચવાનો શોખ પણ હતો. એ વિખ્યાત લોકોના જીવન વિષે અને બાઇબલ સિવાય અર્થશાસ્ત્ર, ભૂગોળ, માનવશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય બાબતો પર લખાયેલા પુસ્તકો પણ વાંચતા હતા.

37 વર્ષની આયુમાં આર્થર એના કોલેજના દિવસો કરતા પણ વધારે વાંચવા લાગ્યા. એને નવી વાતો જાણવા-શીખવાનું ગમતું હતું. એ એવી આશા પણ કરતા હતા કે એ યુવાન ખેલાડીઓને શીખવા માટે પ્રોત્સાહિત કરી શકે. એ એવી કોલેજોની સામે પણ બોલતા હતા જે ખેલાડીઓને ભણવા માટેની યોગ્યતાની શરત વગર જ છાત્રવૃત્તિઓ આપતી હતી.

1980 માં આર્થરને અમેરિકી ડેવિસ કપના કપ્તાન તરીકે ચૂંટવામાં આવ્યા. આ માનનીય સન્માન હતું, પણ થોડા સમયમાં એણે જાણ્યું કે એ કામ બહુ મુશ્કેલ હતું.

એ સમયે અમેરિકાના શ્રેષ્ઠતમ ટેનિસ ખેલાડી હતા જોન મેકેનરો અને જિમી કોનર્સ. એ એના ગરમ મગજ માટે મશહૂર હતા. એ આશા કરતા હતા કે આર્થર એવો જ વર્તાવ કરશે. પણ આર્થર એક એવા કોચ બનવા ચાહતા ન હતા જે એના ખેલાડીની વિરુદ્ધના દરેક પોઇન્ટ માટે લાઇન્સમેન સાથે ઝગડો કરે. જયારે પણ અમેરિકી ટીમના સદસ્ય એના પ્રતિદ્વંદ્વીઓ, ટેનિસ અધિકારીઓ અથવા દર્શકોનું અપમાન કરતા, તો આર્થર ક્ષોભિત થઇ જતા. એને વયસ્ક લોકોને ઠપકો આપવાનું ગમતું ન હતું. એ પોતાના ઉચ્ચ ધોરણો પ્રત્યે વફાદાર રહેતા. થોડા લોકોને લાગતું હતું કે ટેનિસ રમવાની આર્થરની વિનમ્ર શૈલી જૂના જમાનાની છે. પણ આર્થરને લાગતું કે ગરિમા અને શિષ્ટતા ક્યારેય જૂની થાય નહીં.



આર્થરે 1980 થી 1985 સુધી અમેરિકી ડેવિસ કપ ટીમને પ્રશિક્ષણ આપ્યું. આ પાંચ વર્ષોમાં ટીમ જીતી પણ અને હારી પણ. જોકે જોન મેકેનરો અને આર્થરની પ્રકૃતિ અલગ હતી, પણ એ એક-બીજાનું સન્માન પણ કરતા હતા. આર્થર આ ટોચના ખેલાડીને ઘણી વાર સલાહ આપતા ન હતા, પણ જયારે પણ આપતા હતા ત્યારે મેકેનરો હંમેશા એનો અમલ કરતા.

1982 માં એક લાંબી અને મુશ્કેલ મેચમાં સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે આ ગરમ મગજના ખેલાડીને આર્થરે ધીરજથી સારા શોટની રાહ જોવાનું કહ્યું. મેકેનરોએ રાહ જોઇ ... અને અંતે જીત્યા! ત્યારે એ એના કોચને પ્રેમપૂર્વક ભેટ્યા.



જૂન 1983 માં આર્થરને એક વધારાનું બાયપાસ ઓપેરેશન કરાવવું પડયું. પહેલી સર્જરીના ઘા ને કારણે આ ઓપેરેશન મુશ્કેલ હતું. આર્થરને બહુ નબળાઇ લાગી, એટલે એણે લોહીનો બાટલો ચઢાવવા માટે હા પાડી.

એ જ વર્ષે થોડા સમય પછી એણે યેલ વિશ્વવિદ્યાલયમાં ભાષણ આપવાનું નકાર્યું, કારણકે એના એક મિત્ર દ્વારા કેવળ કાળા છાત્રો માટે સંચાલિત ફ્લોરિડા મેમોરિયલ કોલેજમાં એ એક સેમિનાર કરી શકે. આર્થરને લાગતું હતું કે એણે આફ્રિકી-અમેરિકી છાત્રો માટે સંભવ એટલી મદદ કરવી જોઇએ.

એ સેમિનારનો વિષય હતો "સમકાલીન સમાજમાં કાળા ખેલાડી". એ સેમિનારની તૈયારી કરતી વખતે આર્થર એ જાણીને અચરજમાં પડી ગયા કે એ વિષય ઉપર કેટલું ઓછું લખાયેલું હતું. ઘણા મહાન આફ્રિકી-અમેરિકી ખેલાડીઓએ દમન સહીને પણ સફળતા મેળવી હતી. પણ એની વાર્તાઓ ક્યાં હતી?

આર્થરે એના પૈસાથી શોધકર્તાઓનો એક સમૂહ બનાવ્યો જેથી એ વાર્તાઓ શોધી શકાય. એણે જૂના સમાચાર પત્રો વાંચ્યા, સેંકડો લોકોની મુલાકાત લીધી અને એના દાદા-નાના, પરદાદા-પરનાના વિષે તાપસ કરી, લોકોના કાતરીયાની ધૂળ ખાધી અને ટ્રોફીઓ શોધી, અને જૂના ફોટાના આલ્બમમાંથી એ લોકોના ફોટાઓ શોધ્યા, જેણે રમતમાં જીત મેળવી હતી - અને જેણે જાતિવાદને પછાડયો હતો.

1988 માં આર્થરે એની રચના એ હાઇ રોડ ટુ ગ્લોરી: ધ હિસ્ટ્રી ઓફ ધ આફ્રિકન-અમેરિકન એથ્લીટ નું આલેખન પૂરું કર્યું. ત્રણ ખંડની આ રચના 1619 થી 1985 ના સમયને આવરી લેય છે અને આ વિષયની નિર્ણાયક રચના માનવામાં આવે છે. જેવી રીતે ટેનિસ કોર્ટમાં એના સમર્પણ ભાવે પરિણામ આપ્યું હતું, એવી જ રીતે આર્થર એશેની મહેનતે એને એક વિદ્વાન અને લેખકના રૂપમાં એક નવી ઓળખ આપી.

આર્થર ઘણા વર્ષો સુધી રંગભેદનો વિરોધ કરતા રહ્યા. એણે ઘણી જગ્યાએ ભાષણો આપ્યા, અને ટ્રાન્સઆફ્રિકા જેવા સંગઠનો માટે ફાળો ભેગો કર્યો.

1985 માં આર્થર વોશિંગટન ડી. સી. માં દક્ષિણ આફ્રિકાના દૂતાવાસ સામે રંગભેદ વિરુદ્ધ આયોજિત જન આંદોલનમાં સામેલ થયા. બીજા લોકોની જેમ આર્થર પણ જાણતા હતા કે એની ધરપકડ કરવામાં આવશે. પણ એ માનતા હતા કે એ વિષય બહુ મહત્વનો હતો. આર્થરને હાથકડી પહેરાવવામાં આવી, એને પોલીસ થાણા લઇ જવામાં આવ્યા, અને એની વિરુદ્ધ મામલો દાખલ કરવામાં આવ્યો. એ વિરોધનો એટલો પ્રચાર થઇ ચુક્યો હતો કે એ કારણથી એને ડેવિસ કપના કપ્તાન પદ પરથી હટાવી દેવામાં આવ્યા. પણ આર્થરે આ બલિદાનને પણ સહજતાથી સ્વીકાર્યું. ઘણા વર્ષોથી એ એક સારા ટેનિસ ખેલાડીથી પણ કંઇક વિશેષ બનવા ચાહતા હતા. આર્થરને લાગ્યું કે આ વિરોધે એને એ જે માનતા હતા એના માટે દ્રઢતાથી ઉભા રહેવાનો મોકો આપ્યો છે. બધા લોકોને આઝાદી અને ગરિમાનો અધિકાર છે - પછી ભલે એની ત્વચા કોઇ પણ રંગની હોય.

ઘણા વર્ષો સુધી આર્થર અને જીન બાળકોને જન્મ આપવાનું ટાળતા રહ્યા, કારણકે એને ડર હતો કે એના બાળકોને હૃદયની બીમારી વારસામાં મળી શકે છે. આ રોગ આર્થર અને જીન બંનેના પરિવારમાં સાધારણ હતો. પણ અંતે એણે વિચાર્યું કે એ આ જોખમ ઉઠાવશે.

21 ડિસેમ્બર 1986 ના દિવસે આર્થરને નાતાલ પહેલા એક અદભુત ભેટ મળી - કેમેરા એલિઝાબેથ એશે નો જન્મ થયો. એના મિત્રો, જે શાંત અને ગરિમામય આર્થરને જોવા ટેવાયેલા હતા, એના ચહેરાને સ્મિતથી ચમકતો જોઇને ચોંકી ગયા.

આગલા વર્ષોમાં આર્થરે જોયું કે એને પિતાની ભૂમિકામાં આનંદ આવે છે. એ જે સમય કેમેરા સાથે ન વિતાવતા, એ એવા કામમાં લગાવતા જેનાથી કેમેરા અને અન્ય બાળકો માટે એક વધારી સારી દુનિયા બનાવી શકે.

એના એક ટેનિસ પ્રશિક્ષક મિત્ર નિક બોલેત્તિએરી સાથે આર્થરે એશ-બોલેત્તિએરી સિટિઝ (ABC) કાર્યક્રમ આરંભ કર્યો, જેનો ઉદ્દેશ્ય હતો શહેરના અંદરના ભાગમાં ગરીબ બાળકોમાં ટેનિસ માટે આત્મ-સન્માન જગાવવાનો અને એને એ શીખવવાનું કે એ કેવી રીતે વધારે સારા બની શકે છે.

આર્થર જાણતા હતા કે ABC કાર્યક્રમ બાળકોને ટેનિસ સિવાય પણ ઘણું બધું શીખવશે - હાર્યા પછી ફરી ઉપર ઉઠવાનું, કોશિશ કરતા જવાનું, પોતાની ઉર્જા પોતાના લક્ષ્ય પર કેન્દ્રિત કરવાનું, અને સૌથી જરૂરી એ પણ શીખવવાનું હતું કે સપના કેવી રીતે જોઇ શકાય છે.

આર્થરની બીજી સંસ્થા હતી 'સેફ પેસેજ ફાઉન્ડેશન' જે કિશોરોને એવી રીતે મદદ કરતી હતી જેનાથી એ પોતાનામાં અને સમાજમાં પોતાનો વિશ્વાસ ખોઇ ન દેય. એના બાળપણના પૃથક વર્જિનિયા અને દક્ષિણ આફ્રિકાના એના અનુભવોથી આર્થર જાણતા હતા કે હતાશા જ માણસના આત્મ-સન્માન અને એની ઉપલબ્ધીઓની સૌથી મોટી દુશ્મન છે. એ ચાહતા હતા કે મોટા થઈ રહેલા બાળકોને સંભવ હોય એટલા મોકા મળે - પોતાના આત્મ-મૂલ્યના સબળ અહેસાસ સાથે.

આર્થર જે બાળકો અને કિશોરોને મળતા એને કહેતા કે એ પોતાને માટે ઊંચા લક્ષ્ય નક્કી કરે. જયારે કોઇ નાનો છોકરો માઇકલ જોર્ડન જેવો બાસ્કેટબોલ ખેલાડી બનવાની ઇચ્છા જાહેર કરતો, તો આર્થર કહેતા, "તો તું એ ટીમનો મેનેજર કેમ બની જતો નથી જેનો માઇકલ જોર્ડન સદસ્ય છે?"

આર્થરે એથ્લિટ્સ કરીઅર કનેક્શન આયોજિત કર્યું જે કોલેજ સ્તરના પ્રતિભાશાળી કાળા ખેલાડીઓને ભણવામાં પણ સારા અંક મેળવવામાં મદદ કરે. એને પ્રેરિત કરે કે એ જલ્દી પૈસા કમાવા ને બદલે પોતાની કારકિર્દી વિષે ઊંડાણથી વિચાર કરે.

આ બધી ગતિવિધિઓ દરમ્યાન આર્થર અચાનક ફરીથી બીમાર પડયા. તપાસ કરતા ખબર પડી કે એને એઇડ્સ થઇ ગયો છે. આ ઘાતક રોગ બીમારીઓથી લડવાની શરીરની ક્ષમતાને ખલાસ કરી નાખે છે. ચિકિત્સકોને સમજાયું કે એને આ રોગ બીજા બાયપાસ સમયે લોહી ચઢાવવાને કારણે થયો છે. આર્થરની બીજી સર્જરીના બે વર્ષો પછી જ બ્લડ બેન્ક લોહી ચઢાવતા પહેલા એની તપાસ એઇડ્સ સંક્રમણ માટે કરવા લાગી.

આર્થર અને જીને નક્કી કર્યું કે એના વિષે કોઇને જણાવશે નહીં. આર્થર સિનિયર હૃદયની બીમારીથી પીડાતા હતા, અને આર્થર અને જીનને લાગ્યું કે દીકરાની આ ઘાતક બીમારીની વાત જાણીને એને જીવલેણ આઘાત લાગી શકે. કેમેરા આ બધું સમજવા માટે બહુ નાની હતી. આર્થરે એની પત્ની અને દીકરી સાથે એવી જ રીતે જીવન જીવવાનો અને એનો લેવાય એટલો આનંદ લેવાનો ફેંસલો કર્યો.

પણ આર્થરે એના હૃદયની નજીક હતા એ કાર્યોને છોડયા નહીં, જેવો કે દક્ષિણ આફ્રિકામાં રંગભેદનો મુદ્દો. નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના કાળા નેતા હતા, જેણે રંગભેદ સામે લડતા 27 વર્ષો જેલમાં વિતાવ્યા હતા. એ માનતા હતા કે સરકારની જાતિવાદની નીતિને સજા કરવાનો એક રસ્તો હતો ખેલ સ્પર્ધાઓને દક્ષિણ આફ્રિકાની બહાર રાખવાનો. સપ્ટેમ્બર 1989 માં આર્થર એશેએ મંડેલાનું સૂચન માન્યું. એણે અમેરિકાના એસોસિએશન ઓફ ટેનિસ પ્રોફેશનલ્સ પર દબાણ નાખ્યું કે આગલા વર્ષે દક્ષિણ આફ્રિકા પ્રસ્તાવિત ટેનિસ ટૂર્નામેન્ટને મંજૂર ન કરે. માર્ક માથાબાને, જે પંદર વર્ષો પહેલા આર્થરનો પીછો કર્યા કરતો હતો, હવે અમેરિકામાં આવીને વસ્યો હતો, અને કોલેજની શિક્ષા પૂરી કરીને લેખક બની ચુક્યો હતો. આર્થર અને માર્કે એસોસિએશન મંડળ સામે મંડેલાના તર્ક રજૂ કર્યા.

1991 માં આર્થર દક્ષિણ આફ્રિકા છેલ્લી વાર ગયા. આ વખતે એ આફ્રિકી-અમેરિકી પ્રતિનિધિમંડળના હિસ્સો હતા જેને નેલ્સન મંડેલાએ આમંત્રણ આપ્યું હતું. આર્થર મંડેલાથી ઊંડી રીતે પ્રભાવિત હતા, જેણે એટલો લાંબો સમય ગરિમા સાથે જેલમાં વિતાવ્યો હતો. એને એ વાત પર પણ ગર્વ હતો કે મંડેલાને એણે રચેલા પુસ્તકો પસંદ આવ્યા હતા. મંડેલાને ગૌરવ અને સ્વતંત્રતા માટેના કઠિન રસ્તાઓની ખબર હતી!

દક્ષિણ આફ્રિકામાં થયેલા ફેરફાર જોઇને આર્થર ખુશ થયા. કાળા અને ગોરા લોકોને અલગ રાખવાના બધા સંકેતો હટાવી લેવામાં આવ્યા હતા. કાળા લોકોના વર્તાવમાં ગૌરવનો ભાવ નજરે ચઢતો હતો. તો પણ એ દેશ અને બાકીની દુનિયામાં બધાને બરાબરનો દરજ્જો મળે એ લક્ષ્ય હજી દૂર હતું.

1992 માં આર્થરને ખબર પડી કે એક સમાચારપત્ર એના એઇડ્સની ખબર છાપવાનું છે. આર્થર એ જાણીને બહુ નારાજ થયા. એને લાગ્યું કે એના પરિવાર અને મિત્રોને એની બીમારીની જાણકારી ક્યારે આપવામાં આવે એ ફેંસલો કરવાનો હક્ક સમાચારપત્રને ન હતો. પણ હંમેશાની જેમ એણે એની ભાવનાઓને લીધે એની ગરિમા ડૂબવા ન દીધી.

સૌથી પહેલા આર્થર અને જીને કેમેરાને આર્થરની બીમારી વિષે જણાવ્યું. એ પછી એના પરિવાર અને મિત્રોને જેથી એ લોકોને એ સમાચાર ટીવી પરથી ન મળે. પછી આર્થરે ખબરપત્રીઓથી ભરેલા એક રૂમમાં પોતે પોતાના રોગની ઘોષણા કરી. જયારે એણે એની પાંચ વર્ષની દીકરી વિષે વાત કરી, તો એનું ગળું રૂંધાઇ ગયું. પણ જનતાની સામે પોતાની ગરિમા વિખરાવાને બદલે એણે જીનને બાકીની ઘોષણા વાંચીને સંભળાવવા કહ્યું.

આર્થરની નારાજગી જલ્દી ઠંડી થઇ ગઇ. એને લાગ્યું કે એની બીમારીને લઈને જે પ્રચાર થયો હતો એનો ફાયદો પણ થઇ શકે છે. એણે એની ખ્યાતિનો ઉપયોગ એઇડ્સ સંબંધી શોધ અને એઇડ્સના દર્દીઓ પ્રતિ સહાનુભૂતિ અને સન્માન જગાવવા માટે કર્યો.

દુનિયાભરમાં ફેલાઇ રહેલા એઇડ્સના જોખમ વિષે જાગૃતિ જગાવવા માટે આવશ્યક ધન ભેગું કરવા માટે આર્થરે ભાષણો આપ્યા. એઇડ્સ સામે લડવા માટે એણે આર્થર એશે ફાઉન્ડેશનની સ્થપના કરી.

30 ઓગસ્ટ 1992 ના આર્થરે ફ્લશીંગ મેડોસ, ન્યુયોર્કના રાષ્ટ્રીય ટેનિસ કેન્દ્રમાં એક મેચનું આયોજન કર્યું. 10,000 થી વધારે ટેનિસ પ્રશંસક પોતાનું સમર્થન આપવા અને દાન કરવા માટે ભેગા થયા.

1 ડિસેમ્બર 1992, વિશ્વ એઇડ્સ દિવસ પર આર્થરે એ ભાષણ આપ્યું જેને એ એના જીવનનું સૌથી મહત્વપૂર્ણ ભાષણ માનતા હતા. એણે એ દિવસે સંયુક્ત રાષ્ટ્ર સંઘને સંબોધિત કરીને વિકસિત દેશોને આ વૈશ્વિક મહામારી સામે લડવામાં ગરીબ દેશોની મદદ કરવા કહ્યું.

એના બે દિવસ પછી, બ્રુકલીન, ન્યુયોર્કમાં આર્થર એશે ઇન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન હેલ્થ ખુલ્યું. આર્થર એ ક્લિનિકના પ્રબંધક મંડળના પહેલા અધ્યક્ષ હતા જે શહેરી બાળકો અને વયસ્કોને એઇડ્સ સાથે જીવવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યું હતું.



એ જ મહિને સ્પોર્ટસ ઇલસ્ટ્રેટેડ નામની પત્રિકાએ આર્થરને એ વર્ષના શ્રેષ્ઠતમ ખેલાડી તરીકે નવાજ્યા. પત્રિકાએ ન કેવળ ટેનિસમાં એની વિલક્ષણ ઉપલબ્ધીઓનું વર્ણન કર્યું, પણ સાથે-સાથે એના અન્ય યોગદાન, એનો શિષ્ટાચાર, અને એના અતૂટ ગૌરવનો પણ ઉલ્લેખ કર્યો.

6 ફેબ્રુઆરી 1993 ના, 49 વર્ષ ની આયુ માં, આર્થરનું મૃત્યુ ન્યુમોનિયાથી થયું. આ વાઇરસ એઇડ્સના અનેક રોગીઓનો જીવ લેય છે. વર્જિનિયામાં ઝંડા ઝૂકાવવામાં આવ્યા. જોકે આર્થર મુક્કાબાજ ન હતા, તો પણ એ દિવસે આયોજિત મુક્કાબાજીની ચેમ્પયનશીપમાં એના સન્માનમાં દસ વાર ઘંટડી વગાડવામાં આવી. આંતરરાષ્ટ્રીય ઓલંપિક સમિતિએ આર્થરને એના એથ્લીટ સદસ્ય તરીકે ઘોષિત કર્યા, જોકે એણે ઓલંપિક રમતોમાં ક્યારેય ભાગ લીધો ન હતો.

આર્થર ટેનિસ જગતમાં એના સશક્ત 'સર્વ' માટે જાણીતા હતા. પણ એ એની ગરિમા અને સૌમ્યતા માટે વધારે જાણીતા હતા, અને જાતિવાદ પરની એની જીત માટે પણ. રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટને આર્થરને "... એક સાચા અમેરિકી નાયક અને બધા માટે એક અનુપમ ઉદાહરણ," કહ્યા હતા. આર્થર એશે ટેનિસ કોર્ટમાં અને એની બહાર પણ ... એક મહાનાયક હતા. એનું ઉદાહરણ લોકોને પ્રેરિત કરતું રહેશે.

આર્થર રોબર્ટ એશે, જુનિયર

(1943 - 1993)

આર્થર એશે નો જન્મ 10 જુલાઈ 1943 ના દિવસે રિચમન્ડ, વર્જિનિયા માં થયો હતો. એ આર્થર રોબર્ટ એશે સિનિયર, અને મેરી કોર્ડેલ કનિંગહેમ એશે ના પહેલા દીકરા હતા. આર્થરના સાતમા જન્મદિવસના થોડા સમય પછી એની માઁ નું મૃત્યુ થયું. આર્થરના પિતાએ એક વયસ્ક સહાયિકાની મદદથી એને અને એના નાના ભાઈ જોનીનું લાલન-પાલન કર્યું. પછી, આર્થર સિનિયરે લોરેન કેમ્બરો સાથે વિવાહ કર્યા.

જયારે આર્થર સાત વર્ષના હતા ત્યારે એણે રોન ચેરિટી પાસે ટેનિસ શીખવાનું શરૂ કર્યું. એણે ત્યાં સુધી અભ્યાસ કર્યો જ્યાં સુધી એણે ટેનિસ કોર્ટમાં આવવાવાળા એનાથી મોટા અને વયસ્ક ખેલાડીઓને પછાડી ન દીધા. એ ટેનિસ કોર્ટમાં કાળા લોકોને રમવાની અનુમતિ હતી.

12 વર્ષની ઉંમરમાં આર્થર એક નવા કોચ, ડો. આર. ડબ્લ્યૂ. જોહન્સન પાસે ટેનિસ શીખવા લાગ્યા. ડો. જોહન્સન એના છાત્રોને ટેનિસ સાથે શિષ્ટાચાર પણ શીખવતા હતા. આર્થરે બહુ સરળતાથી એનો અતિ શિષ્ટ, અને બિન-ટકરાવવાળો અભિગમ શીખી લીધો અને અપનાવી લીધો.

1960 અને 1961 માં આર્થરે ઇન્ડોર જુનિયર એકલ પુરુષની રમત જીતી અને અમેરિકાના જુનિયર ખેલાડીઓમાં પાંચમું સ્થાન મેળવી લીધું. એ કારણથી એને UCLA ની છાત્રવૃત્તિ મળી. એક વરસ પછી એને અમેરિકાના ડેવિસ કપ ટીમમાં સામેલ કરવામાં આવ્યા. એ પહેલા આફ્રિકી-અમેરિકન હતા જેને દેશ માટે રમવાનો મોકો મળ્યો હતો. 1966 માં NCAA દ્વારા આયોજિત એકલ અને યુગલ પ્રતિયોગિતા જીતીને આર્થરે કોલેજ સ્તરના ટેનિસનો પ્રવાસ પૂરો કર્યો.

1968 માં આર્થર યુએસ ઓપનમાં બિનવ્યાવસાયિક શ્રેણીનો ખિતાબ જીતવાવાળા પહેલા આફ્રિકી-અમેરિકન ખેલાડી બન્યા. એ વિશ્વના પ્રથમ ક્રમાંકના ખેલાડી બન્યા.

1969 માં આર્થરે બિનવ્યાવસાયિક ટેનિસ છોડયું અને આગળના દસ વર્ષો સુધી વ્યાવસાયિક ટેનિસમાં ઘણા સફળ રહ્યા. એ દરમ્યાન એણે ઘણા રંગભેદના પૂર્વગ્રહોનો સામનો કર્યો. ચાર વર્ષો સુધી વિઝા નામંજૂર થયા પછી અંતે 1972 માં એને દક્ષિણ આફ્રિકા જવાની પરવાનગી મળી. એણે એ દેશના કાળા યુવકોને પોતાના વિજયથી પ્રેરિત કર્યા. આગળના વર્ષોમાં આર્થરે દક્ષિણ આફ્રિકા સરકારની રંગભેદ નીતિની વિરુદ્ધ થયેલા પ્રદર્શનોમાં ભાગ લીધો.

1977 માં, 33 વર્ષની આયુમાં, આર્થરે જીન-મેરી માઉતુસામી સાથે વિવાહ કર્યા. એના બે વર્ષ પછી એની ચાર બાયપાસ સર્જરી થઇ.

આર્થરને આશા હતી કે એ થોડા સમયમાં વ્યાવસાયિક ટેનિસ પાછા રમી શકશે. પણ પાછા ફરવાના થોડા અઠવાડિયા પહેલા જ એને છાતીમાં દુઃખાવો થયો. માર્ચ 1980 માં એને વ્યાવસાયિક ટેનિસમાં થી નિવૃત્તિ લેવી પડી.

એ જ વર્ષે આર્થરને અમેરિકી ડેવિસ કપના કપ્તાન બનવાનું આમંત્રણ મળ્યું. 1982 માં ટીમ જીતી ગઇ, અને 1985 પછી આર્થર નવા પડકારો તરફ આગળ વધ્યા.

ટેનિસ સિવાય પણ આર્થરની બીજી રુચિઓ હતી. 1983 માં એણે એની રચના એ હાઇ રોડ ટુ ગ્લોરી: અ હિસ્ટ્રી ઓફ ધ આફ્રિકન-અમેરિકન એથ્લીટ પર કામ શરુ કર્યું, જે 1988 માં પ્રકાશિત થઇ. એણે ઘણી પરોપકારી સંસ્થાઓની સ્થપના કરી અને ધન એકત્રિત કરવામાં એની મદદ કરી.

1986 માં કેમેરા એલિઝાબેથ એશે ના પિતા બન્યા. એના બે વર્ષ પછી એને ખબર પડી કે એને એઇડ્સ થઇ ગયો છે, જે 1983 માં બીજા ઓપરેશન દરમ્યાન આપવામાં આવેલા લોહીને કારણે થયો હતો. આર્થરે સંકલ્પ કર્યો કે સંભવ હોય ત્યાં સુધી એની પરોપકારી અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ચાલુ રાખશે. એપ્રિલ 1992 માં એક ખબરપત્રીએ એને એઇડ્સ છે કે નહીં એની પુષ્ટિ કરવા કહ્યું. આર્થરને લાગ્યું કે પત્રકારોને બોલાવીને પોતે જ એ સમાચાર આપે એ વધારે સારું થશે. એની સ્થિતિ જગ-જાહેર થયા પછી આર્થરે એની ખ્યાતિનો ઉપયોગ એઇડ્સના ઉપચાર અને શોધ માટે કર્યો.

1992 માં આર્થરને ઘણા સન્માનો મળ્યા, જેમાં હેલેન હેય્સ પુરસ્કાર અને વાર્ષિક રાષ્ટ્રીય એઇડ્સ નેતૃત્વ પુરસ્કાર પણ સામેલ હતા. સ્પોર્ટ્સ ઇલસ્ટ્રેટેડ પત્રિકાએ એને એ વર્ષના સર્વશ્રેષ્ઠ ખેલાડી ઘોષિત કર્યા.

લેખક આર્નોલ્ડ રામપરસાદ સાથે આર્થરે એની આત્મકથા ડેયઝ ઓફ ગ્રેસ નું સહ-લેખન કર્યું. 6 ફેબ્રુઆરી 1993 ના દિવસે, 49 વર્ષની આયુ માં એઇડ્સ સંબંધિત ન્યુમોનિયા ને કારણે આર્થરનું મૃત્યુ થયું. આર્થર એશે ગરિમા અને સૌમ્યતાના દ્રષ્ટાંત હતા. એ એના પરિવાર, મિત્રો તથા પ્રશંસકોના દિલમાં હંમેશા વાસ કરશે.